## Current Affairs March-2017

### 1.March. 2017

**(૧) જીતુ રાય – શૂટર :**
- ભારતીય શૂટર રાયે દિલ્હી ખાતે યોજાયેલ આઇ.એમ.એસ.એફ વર્લ્ડ કપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- આ સ્પર્ધા ૧૦ મીટર એર પીસ્ટલ માટે હતી.
- આ સ્પર્ધામાં જાપાનના તોમોયુકી મત્સુદાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

**(૨) ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાનો જીડીપી.**
- ચાલુ નાણાંકીય વર્ષમાં ત્રીજા ત્રિમાસિક શાળા (ઓક્ટોબર–ડિસેમ્બર) માટે જીડીપી ૭ ટકા રહ્યો
- સેન્ટ્રલ સ્ટ્રેસ્ટિક્સ ઓફિસ (સીએસઓ) એ વર્ષ – ૨૦૧૬–૧૭નો કુલ જીડીપી ૭.૧ ટકા રહેવાનો અંદાજ મુક્યો છે.
- ૨૦૧૫–૧૬માં જીડીપી ૭.૯ ટકા રહ્યો હતો.
- આર.બી.આઇના અંદાજ પ્રમાણે વર્ષ – ૨૦૧૬–૧૭માં જીડીપી. ૬.૯ ટકા તથા આઇએમએફના અંદાજ મુજબ વર્ષ – ૨૦૧૬–૧૭માં ૬.૬ ટકા જીડીપી રહેવાનો અંદાજ છે.

**(૩) યુકે–ઇન્ડિયા ઇયર ઓફ કલ્ચર – ૨૦૧૭**
- તાજેતરમાં ઇંગ્લેન્ડ ખાતે બકિંગહામ પેલેસમાં યુકે ઇન્ડિયા ઇયર ઓફ કલ્ચર–૨૦૧૭ કાર્યક્રમનું આયોજન થયું.
- આ પ્રોગ્રામ હેઠળ અનેક ભારતીય નૃત્યોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમમાં ક્વિન એલિઝાબેથ પણ હાજર રહ્યા હતા.
- ભારત સાથે સાંસ્કૃતિક સંબંધ મજબુત કરાવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

**(૪) શુઅર્ડ મારીન – મહિલા હોકી ટીમના કોચ**
- ભારતની મહિલા હોકી ટીમના મુખ્ય કોચ તરીકે નેધરલેન્ડના શુઅર્ડ મારીનની પસંદગી કરવામાં આવી છે.
- ટોકિયો ઓલિમ્પીક ૨૦૨૦ સુધી તેમનો કાર્યકાળ રહેશે.
- શુઅર્ડ આ પહેલા નેધરલેન્ડની મહિલા ટીમના મુખ્ય કોચ હતા

**(૫) WHO મુજબ સૌથી ખતરનાક ૧૨ બેક્ટેરિયાનો કોઇ ઇલાજ નથી.**
- તાજેતરમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા પ્રથમ વખત એવા ૧૨ બેક્ટેરિયાનું લીસ્ટ જાહેર કરવામાં આવ્યું છે જેનો કોઇ ઇલાજ નથી.
- માત્ર ડોક્ટરો તથા વિજ્ઞાનીઓને જ સમજાય એવા વિચિત્ર નામવાળા આ બેક્ટેરિયા કોઇ એન્ટીબાયોટિકથી કાબુમાં આવ શકે તેમ નથી.
- બેક્ટેરિયા એ પૃથ્વી પર સૌથી પહેલા ઉદ્‌ભવેલા સજીવો મનાય છે.
- અત્યંત સુક્ષ્મ કદના અને અનેક પ્રકારના આકાર ધરાવતા આ બેક્ટેરિયાનું શરીર સામાન્ય રીતે એક જ કોષનું બનેલું હોય છે.

પ્રશ્નો :

૧ જીતુરાય કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- શૂટીંગ

૨ દિલ્હી ખાતે યોજાયેલ ISSF વર્લ્ડ કપમાં ૧૦ મીટર એર પીસ્ટલ સ્પર્ધામાં જીતુરાયે કયો મેડલ જીત્યો હતો ?
- બ્રોન્ઝ

૩ વર્ષ–૨૦૧૬–૧૭ના ત્રીજા ત્રિમાસીક ગાળાનો જીડીપી કેટલો રહ્યો ?
- ૭ ટકા

૪ સેન્ટ્રલ સ્ટેટિસ્ટીક્સ ઓફિસના અંદાજ મુજબ ૨૦૧૬–૧૭માં કેટલા ટકા જીડીપી રહેશે ?
- ૭.૧ ટકા

૫ આર.બી.આઇના અંદાજ મુજબ, ૨૦૧૬–૧૭ વર્ષના જીડીપી કેટલા ટકા રહેશે ?
- ૬.૯ ટકા

૬ તાજેતરમાં ભારત સાથેના સાંસ્કૃતિક સંબંધ મજબુત કરવાના હેતુથી ઇંગ્લેન્ડ ખાતે કયો કાર્યક્રમ યોજાયો ?
- યુકે – ઇન્ડિયા ઇયર ઓફ કલ્ચર– ૨૦૧૭

૭ તાજેતરમાં ભારતીય મહિલા હોકી ટીમના કોચ પદે કોને નિયુક્ત કરાયા ?
- શુઅર્ડ મારીન

૮ શુઅર્ડ મારીન કયા દેશના વતની છે ?
- નેધરલેન્ડ

૯ તાજેતરમાં WHO દ્વારા કેટલા સૌથી ખતરનાક બેક્ટેરિયાની માટી બહાર પડાઇ જેનો કોઇ ઇલાજ નથી.
- ૧૨

૧૦ સૌથી સુક્ષ્મ કદના બેક્ટેરિયાનું શરીર સામાન્ય રીતે કેટલા કોષોનું બનેલું હોય છે ?
- એક

### 2.March. 2017

**૧) અજય ત્યાગી :**
- સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) ના નવા ચેરમેન તરીકે અજય ત્યાગીએ પદભાર સંભાળ્યો.
- અજય ત્યાગી ૧૯૮૪ બેચના હિમાચલ પ્રદેશ કેડરના આઇએએસ ઓફીસર છે.
- તેઓ યુ.કે. સિંહાનું સ્થાન લેશે.

**(૨) તારક મહેતા**
- જાણીતા હાસ્ય લેખક તારક મહેતાનું ૧ માર્ચ, ૨૦૧૭ના રોજ અવસાન.
- તેમનો જન્મ ૨૬ ડિસેમબર, ૧૯૨૯ના રોજ અમદાવાદના નાગર પરિવારમાં જયો હતો.
- ‘ચિત્રલેખા’ સામાયિકમાં પ્રસિદ્ધ થયેલી ‘દુનિયાને ઉંધા ચશ્મા’ થી તેમને ખુબ પ્રસિદ્ધી મળી હતી.
- ૧૯૫૯–૬૦ તેઓ મુંબઇના ‘પ્રજાતંત્ર’ દૈનિકના ઉપતંત્ર રહ્યા હતા.
- ગુજરાતી સાહિત્ય અને હાસ્યરસમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ ભારત સરકારે વર્ષ ૨૦૧૫માં તેમને પદ્મશ્રી થી સન્માનીત કર્યા હતા.
- આત્મકથા : એક્શન રીપ્લે
- તેમની પ્રખ્યાત રચનાઓ

નવું આકાશ નવી ધરતી
દુનિયાને ઉંધા ચશ્મા
કોથળામાંથી બિલાડું
તારક મહેતાના આઠ એકાંકી
તારક મહેતાના છ એકાંકી
તારક મહેતાના ઉંધા ચશ્મા
તારક મહેતાનો ટપુડો
તારક મહેતાની ટોળી પરદેશના પ્રવાસે
શ્રેષ્ઠ હાસ્યરચનાઓ
મેઘજી પેથરાજ શાહ
જીવન અને સિદ્ધિ (જીવન અને સિદ્ધિ) (જીવનચરીત્ર)

Vivekanand Academy Gandhinagar

- તેમના હાસ્યલેખ પરથી હિન્દી ટેલિવિઝન સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' પણ દેશ વિદેશમાં વખણાઇ છે.
- આ સિરિયલમાં તારક મહેતાનું પાત્ર શૈલેષ લોઢા ભજવે છે.

**(૩) જીતુરાય – શૂટર**

- દિલ્હી ખાતે કરણી સ્ટેડીયમમાં યોજાયેલ આઇએસએસએફ વર્લ્ડ કપ શૂંટીંગમાં ભારતીય શૂટર જીતુરાયે ગોલ્ડમેડલ જીત્યો.
- ૫૦ મીટર પીસ્તોલ ઇવેન્ટમાં તેને આ મેડલ મળ્યો હતો.
- આજ ઇવેન્ટમાં ભારતના અમનપ્રીત સિંઘે સિલ્વર મેડલ જીત્યો હતો.

**(૪) કવિ કાગબાપુ એક લોકસાહિત્ય એવોર્ડ :**

- તા. ૨ માર્ચ, ૨૦૧૭ના રોજ પદ્મશ્રી દુલાભાયા કાગબાપુની ૪૦ મી પૂણ્યતિથિ નિમિત્તે લોકસાહિત્યક્ષેત્રે આગવું પ્રદાન કરનાર મહાનુભાવોને કવિ કાગબાપુ લોક સાહિત્ય એવોર્ડ એનાયત થયો.
- અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કાગધામ, મુ. મજાદર ખાતે કાગને ફળીયે કાગની વાતુ કાર્યક્રમમાં પુ. મોરારીબાપુના હસ્તે આ એવોર્ડ એનાયત થયો હતો.
- એવોર્ડથી સન્માનીત થયેલ મહાનુભાવો :
  - સ્વ. થાર્યા બગત
  - ડૉ. કલ્યાણસિંહ શેખાવત
  - વસંતદાસજી હરીયાલી
  - માથાભાઇ આહિર
  - મેરાણ ગઢવી

પ્રશ્ન :

૧ સેબીના ચેરમેન પદે કોણે ચાર્જ સંભાળ્યો ?
- અજય ત્યાગી

૨ અજય ત્યાગી કઇ બેચના આઇપીએસ ઓફીસર છે ?
- ૧૯૮૪ બેચના હિમાચલ પ્રદેશ કેડર

૩ અજય ત્યાગી કોનું સ્થાન લેશે ?
- યુ.કે. સિંહા

૪ જાણીતા હાસ્યલેખક તારક મહેતાનું અવસાન કઇ તારીખે થયું ?
- ૧ માર્ચ, ૨૦૧૭

૫ તારક મહેતા કયા સામાયિકમાં 'દુનિયાને ઉંધા ચશ્મા' સાથે કોલમ લાવતા ?
- ચિત્રલેખા

૬ કયાં વર્ષમાં ભારત સરકારે તારક મહેતાને પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કર્યા હતા ?
- ૨૦૧૫

૭ તારક મહેતાની આત્મકથા જણાવો.
- એકશન રીપ્લે

૮ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ટીવી સિરિયલમાં તારક મહેતાનું પત્ર કોણ ભજવે છે ?
- શૈલેષ લોઢા

૯ તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલ શૂટીંગ વર્લ્ડકપમાં કઇ સ્પર્ધામાં જીતુ રાયે ગોલ્ડ મેડલ જીત્યો ?
- ૫૦ મીટર પીસ્તોલ ઇવેન્ટ

૧૦ પદ્મશ્રી દુલાભાયા કાગબાપુની કેટલામી પૂણ્યતિથિએ કવિ કાગબાપુ લોકસાહિત્ય એવોર્ડ અનાયત થયો ?
- ૪૦ મી

૧૧ ગુજરાતના કયા જિલ્લામાં કાગધામ આવેલ છે ?
- જી.અમરેલી, તા. રાજુલા, મુ. મજાદર

૧૨ કેટલા મહાનુભાવોને કવિ કાગબાપુ લોકસાહિત્ય એવોર્ડ અનાયત થયો ?
- પાંચ

## 3.March. 2017

**(૧) ધરમશાલા – હિમાચલ પ્રદેશનીની બીજી રાજધાની**

- ૧૯ જાન્યુઆરીએ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વિરભદ્ર સિંહે ધરમશાળાને બીજી રાજધાની બનાવવાની જાહેરાત કરી હતી.
- તાજેતરમાં હિમાચલ પ્રદેશની સરકારે ધરમશાલાને શિયાળાની રાજધાની બનાવવાની દરખાસ્તને મંજુરી આપી દીધી છે.
- હિમાચલ પ્રદેશની હાલની રાજધાની : શીમલા

**(૨) ડ્વેન સ્મિથ : વેસ્ટઇન્ડિઝ ક્રિકેટર**

- વેસ્ટઇન્ડિઝના ઓલરાઉન્ડર ડ્વેન સ્મિથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતી લીધી.
- તે ૧૦ ટેસ્ટ મેચ, ૧૦૫ વન ડે, અને ૩૩ ટી–૨૦ મેચ રમી ચૂક્યો છે.
- તેણે ટેસ્ટમેચમાં સદી ફટકારી પોતાની કારકીર્દિની શરૂઆત કરી હતી.
- તે વેસ્ટઇન્ડિઝ તરફથી છેલ્લે ૨૦૧૫માં રમાયેલા વર્લ્ડકપમાં વન ડે તથા વર્ષ ૨૦૧૬માં પોતાની અંતિમ ટેસ્ટમેચ રમ્યો હતો.

**(૩) બીસીસીઆઇ વાર્ષિક એવોર્ડ સમારોહ :**

- તાજેતરમાં બીસીસીઆઇએ વર્ષ–૨૦૧૬–૧૭ માટે પ્રતિષ્ઠિત એવોર્ડ્ઝની જાહેરાત કરી
- આ એવોડ્ર્ઝ સમારોહ ૮ માર્ચના રોજ બેંગ્લુરૂ ખાતે યોજાશે.
- એવોર્ડ વિજેતાઓની યાદી
- કર્નલ સીકે નાયડુ લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ – રાજિંદર ગોયલ, પદમાકર શિવાલકર
- બીસીસીઆઇ લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ (વુમન) શાતા રંગાસ્વામી
- બીસીસીઆઇ સ્પેશ્યલ એવોર્ડ – વીવી કુમાર, સ્વ. રમાકાંત દેસાઇ
- પોલી ઉમરીગર એવોર્ડ (વર્ષના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર) વિરાટ કોહલી
- દિલિપ સરદેસાઇ એવોર્ડ (દ્વિપક્ષીય સરીઝમાં શ્રેષ્ઠ દેખાવ (અશ્વિન)
- લાલા અમરનાથ એવોર્ડ (રણજી ટ્રોફીમાં બેસ્ટ ઓલરાઉન્ડર) જલજ સક્સેના, મધ્યપ્રદેશ)
- લાલા અમરનાથ એવોર્ડ (સીમિત ઓવરમાં બેસ્ટ ઓલરાઉન્ડર) અક્ષય પટેલ (ગુજરાત)
- માધવરાય સિંધિયા એવોર્ડ (રણજી ટ્રોફીમાં સૌથી વધુ સ્કોર) – શ્રૈયસ ઐયર, મુંબઇ
- માધવરાય સિંધિયા એવોર્ડ (રણજી ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ) શાહબાઝ નદીમ, ઝારખંડ
- અમએ ચિદબરમ્ એવોર્ડ (અં.૨૩ સીકે નાયડુ ટ્રોફીમાં સર્વાધિક રન) જય જીબિસ્ટા, મુંબઇ)
- એમએ ચિદબરમ્ એવોર્ડ (અં.૨૩ સીકે નાયડુ ટ્રોફીમાં સર્વાધિક વિકેટ) સત્યજીત મહારાષ્ટ્ર
- એનકેપી સાલ્વે એવોર્ડ (કૂચ બિહાર સર્વાધિક રન) અરમાન જાફર મુંબઇ
- એનકેપી સાલ્વે ટ્રોફી (કૂચ બિહાર ટ્રોફીમાં સર્વાધિક વિકેટ (નિનાદ રાઠવા, બરોડા

Vivekanand Academy Gandhinagar

- રાજસિંહ ડુંગરપુર એવોર્ડ (અં.૧૬ વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સર્વાધિક રન) અભિષેક શર્મા, પંજાબ
- રાજસિંહ ડુંગરપુર એવોર્ડ (અં.૧૬ વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સર્વાધિક વિકેટ) અભિષેક શર્મા, પંજાબ
- જગમોહન દાલમિયા એવોર્ડ (શ્રેષ્ઠ સીનિયર મહિલા ક્રિકેટર) – મિતાલી રાજ
- જગમોહન દાલમિયા એવોર્ડ (શ્રેષ્ઠ મહિલા ક્રિકેટર) દીપ્તિ શર્મા, ઉત્તર પ્રદેશ
- ડોમેસ્ટીક ક્રિકેટમાં શ્રેષ્ઠ અમ્પાયરનો એવોર્ડ – નિતિન મેનન
- બીસીસીઆઇની ડોમેસ્ટીક ટૂર્નામેન્ટમાં શ્રેષ્ઠ દેખાવ : મુંબઇ ક્રિકેટ એસોસિએશન
- વિરાટ કહોલી ત્રીજી વખત પોલી ઉમરગીર એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય બની ગયો છે. આ પહેલો તેને આ એવોર્ડ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૪–૧૫માં પણ જીત્યો હતો.
- તથા દિલીપ સરદેસાઇ એવોર્ડ બીજી વખત જીતનાર અશ્વિન પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે.

પ્રશ્નો :

૧ શિયાળા માટે કયું શહેર હિમાચલ પ્રદેશની ખબીજી રાજધાની બનશે ?
- ધરમશાલા

૨ હાલમાં હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી કોણ છે ?
- વિરભદ્રસિંહ

૩ તાજેતરમાં કયા વેસ્ટઇન્ડિઝ ક્રિકેટર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી જાહેર કરી ?
- ડવેન સ્મિથ

બીસીસીઆઇ એ જાહેર કરેલ વર્ષ – ૨૦૧૬ના એવોર્ડ વિજેતાઓ સાથે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

૪ વર્ષના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોને કયો એવોર્ડ આપવામાં આવે છે ?
- પોલી ઉમરીગર એવોર્ડ

૫ ત્રણ વખત પોલી ઉમરીગર એવોર્ડ મેળવનાર ભારતીય ખેલાડી ?
- વિરાટ કોહલી

૬ બીસીસીઆઇની ડોમેસ્ટીક ક્રિકેટમાં શ્રેષ્ઠ દેખાવ ?
- મુંબઇ ક્રિકેટ એસોસીએશન

૭ શ્રેષ્ઠ મહિલા ક્રિકેટરને કયો એવોર્ડ એનાયત થાય છે ?
- જગમોહન દાલમિયા એવોર્ડ

૮ શ્રેષ્ઠ સિનિયર મહિલા એવોર્ડ કોને અપાયો ?
- મિતાલી રાજ

૯ દિલીપ સર દેસાઈ એવોર્ડ વિજેતા ?
- આર. અશ્વિન

૧૦ ડોમેસ્ટીક ક્રિકેટમાં શ્રેષ્ઠ અમ્પાયરનો એવોર્ડ ?
- નિતિન મેનન

૧૧ બીસીસીઆઇ લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ (વુમન) ?
- શાંતા રંગાસ્વામી

## 4.March. 2017

**(૧) દુનિયાના સૌથી અમીર શહેરોમાં મુંબઇનો સ્થાન :**

- તાજેતરમાં સિટી વેલ્થ ઇન્ડેક્સ દ્વારા દુનિયાના સૌથી અમીર શહેરોની યાદી બહાર પાડવામાં આવી હતી.
- આ યાદી દુનિયાના ૮૯ દેશોના ૧૨૫થી વધુ શહેરોમાં રહેતા સુપરરીચ લોકોની લાઇફ સટાઇલને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી હતી.
- આ યાદીમાં મુંબઇને ૨૧મું તથા રાજધાની દિલ્હીને ૩૫મું સ્થાન મળ્યું છે.

**(૨) ભારતે સુપરસોનિક ઇન્ટરસેટટર મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું**

- તાજેતરમાં ભારતે સ્વદેશનિર્મિત સુપરસોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું.
- શત્રુના મિસાઇલને અધવચ્ચે જ નાશ કરતી આ ઇન્ટરસેપ્ટર મિસાઈલનું બીજી વાર સફળ પરીક્ષણ થયું.
- પૃથ્વી મિસાઇલની મદદથી પ્રક્ષેપિત ટાર્ગેટનું ચંદીપુર ખાતેથી લોન્ચિંગ થયું હતું.
- ભારત સરકાર ઇઝરાયલની સાથે મળીને મધ્યમ રેન્જના જમીન પરથી હવામાં વાર કરવાની ક્ષમતા ધરાવતા મિસાઇલ તૈયાર કરશે.
- ૧૭૦૦૦ કરોડનો આ પ્રોજેક્ટ ડીઆરડીઓ અને ઇઝરાયલ એરક્રાફ્ટ એરક્રાફ્ટ ઇન્ડસ્ટ્રીઝ મળીને કરશે.

પ્રશ્નો :

૧ સિટી વેલ્થ ઇન્ડેક્સના સર્વે મુજબ દુનિયાના સૌથી અમીર શહેરમાં મુંબઇને કયો ક્રમ મળ્યો ?
- ૨૧મો

૨ સિટી વેલ્થ ઇન્ડેક્સ મુજબ દિલ્હી કયાં ક્રમે છે ?
- ૩૫માં

૩ તાજેતરમાં કઈ મિસાઇલી મદદથી ભારતે સુપરસોની ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યુ ?
- પૃથ્વી

૪ કયાં દેશની મદદથી ભારત મધ્યમ રેન્જના જમીન પરથી હવામાં વાર કરવાની ક્ષમતા ધરાવતા મિસાઇલ તૈયાર કરશે ?
- ઇઝરાયલ

## 5.March. 2017

**(૧) દેશમાં જનાવરોને પણ યુનિક આધાર નંબર આપવામાં આવશે.**

- સમગ્ર દેશમાં જે રીતે માણસોને આધારકાર્ડના રૂપમાં યુનિક નંબર આપવામાં આવે છે તેવી જ રીતે દેશભરના તમામ ઝૂ ના પ્રાણીઓને પણ યુનિક નંબર આપવામાં આવશે.
- આ સ્વાભિમાન સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા ચલાવવામાં આવશે જેની શરૂઆત દહેરાદૂનની ચિલા હાથી રેન્જ અને માવસી ડિયર પાર્કથી કરવામાં આવી છે.
- આ અભિયાન અંતર્ગત પ્રાણીઓના શરીરમાં ચીપ લગાવવામાં આવશે જેનો યુનિક આધાર નંબર હશે.
- આ ચીપ લગાવ્યા પછી કોઇપણ વ્યક્તિ ગમે તે સ્થળેથી પ્રાણીઓ વિશે દરેક પ્રકારની જાણકારી મેળવી શકશે.
- આ અભિયાનની શરૂઆતમાં દેશના ૧૬૬માંથી ૨૬ ઝૂ માં જૂનાવરોના શરીરમાં ચીપ લગાવવાનું કામ કરવામાં આવશે.

**(૨) રેમન્ડ કોપા – ફ્રાન્સના ભૂતપૂર્વ ફૂટબોલર :**

- ફ્રાંસના મહાન ભૂતપૂર્વ ફૂટબોલર રેમન્ડ કોપાનું અવસાન
- ૧૯૫૮માં તેમને બલોન ડી ઓર એવોર્ડ મળ્યો હતો.
- તથા ૧૯૭૦ માં કોપાને ફ્રાન્સની સરકારે લિજઅન ડી'ઓનરનો એવોર્ડ આપ્યો હતો, આ એવોર્ડ મેળવનાર તે પ્રથમ ફૂટબોલર હતા.
- કોપાએ ફ્રાન્સની રાષ્ટ્રીય ટીમ તરફથી ૪૫ મેચમાં ૧૮ ગોલ ફટકાર્યા હતા.

**(૩) ભારતમાં રહેવા માટે સૌથી ઉત્તર શહેરોની યાદી :**

Vivekanand Academy Gandhinagar

- તાજેતરમાં એન્યુઅલ સર્વે ઓફ ઇન્ડિયા સીટી સિસ્ટમ (એએસઆઇસીએસ) દ્વારા દેવામાં રહેવા માટે સૌથી ઉત્તમ ૨૧ શહેરની યાદી બહાર પડાઈ હતી.
- આ યાદીમાં અમદાવાદને ૧૪ મું તથા સુરતને ૧૭મું સ્થાન મળ્યું છે.
- આ સર્વેક્ષણમાં તિરૂવનંતપુરમ્ ટોંચનું સ્થાન હાંસલ કર્યું છે. પૂણે તથા કોલકાત્તા અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.
- સ્વચ્છતા, શહેરીજનોને સંતોષ, ટ્રાન્સપોર્ટેશન, કોર્પોરેશન, દ્વારા ફરિયાદ નિવારણની ઝડપે જેવા પરિણામોને ધ્યાનમાં રાખીને આ સર્વેક્ષણ કરવામાં આવે છે.
- ગત વર્ષે અમદાવાદ આ સર્વેક્ષણમાં ૧૬ માં ક્રમે હતું.

**(૪) સૈયદ શહાબુદ્દીન :**

- પૂર્વ આઇએફએસ અધિકારી અને સાંસદ સૈયદ શહાબુદ્દીનનું ૮૨ વર્ષની વયે અવસાન.
- તેઓ બાબરી એક્શન સમિતિના નેતા પણ હતા.

પ્રશ્ન :

(૧) સમગ્ર દેશના ઝૂ માં પ્રાણીઓને યુનિક નંબર આપવા માટે કઇ પ્રોસેસ થશે ?
- પ્રાણીઓના શરીરમાં ચીપ લગાવવામાં આવશે.

(૨) પ્રાણીઓને યુનિક નંબર આપવા માટેની શરૂઆત ક્યાંથી થશે ?
- દહેરાદૂન

૩ તાજેતરમાં ફ્રાંસના કયાં ભૂતપૂર્વ ફૂટબોલરનું નિધન થયું ?
- રેમેન્ડ કોયા

૪ ૧૯૭૦માં ફ્રાંસ સરકારે રેમન્ડ કોયાને કયાં એવોર્ડથી સન્માનીત કર્યા જે એવોર્ડ મેળવનાર તેઓ પ્રથમ ફૂટબોલર હતા ?
- લિજઅન ડી'ઓનર એવોર્ડ

૫ ભારતમાં રહેવા માટે ૨૧ સૌથી ઉત્તમ શહેરની યાદીમાં ગુજરાતના કયા શહેરને સ્થાન મળ્યું ?
- બે, અમદાવાદ- સુરત

૬ ભારતમાં રહેવા માટે ૨૧ સૌથી ઉત્તમ શહેર કયું છે ?
- તિરુવનંતપુરમ

૭ રહેવા માટે સોથી ઉત્તમ શહેરની યાદીમાં અમદાવાદ અને સુરતનો ક્રમ જણાવો.
- ૧૪ મો, ૧૭ મો

૮ તાજેતરમાં અવસાન પામેલ પૂર્વ આઇએફએસ અને બાબરી એક્શન સમિતિના નેતાનું નામ જણાવો.
- સૈયદ શહાબુદ્દીન

## 6.March. 2017

**(૧) આઇએનએસ વિરાટ :**

- ભારતીય નૌકાદળની શાન બનેલું વિમાન વાહક જન્ય આઇએનએસ વિરાટ આજ ૬ માર્ચ, ૨૦૧૭ના રોજ નિવૃત્ત થયું.
- ભારતે ૧૯૮૭માં બ્રિટન પાસેથી બવિરાટને ૪૬.૫ કરોડ ડોલરમાં ખરીદ્યુ હતું. બ્રિટનમાં તેનું નામ એચએમએસ હર્મિસ હતું.
- ૩૦ વર્ષ સેવા આપ્યા બાદ આઇએનએસ વિરાટ કોચીના જહાજવાડામાં નિવૃત્ત થયું.
- આ જહાજ પર સી – હેરિયર અને ચેતક તથા સી – કિંગ હેલિકોપ્ટર ગોઠવાયેલા રહેતા હતા.
- ૨૮,૭૦૦ ટન વજન, ૭૪૩ ફીટ લંબાઇ અને ૧૬૦ ફીટ પહોળાઇ ધરાવતા આ જહાજ પર ૧૫૦૦ નાવીકો અને ૧૫૦ અફસરો રહી શકતા હતાં.
- ભારતના કાર્યકાળ દરમિયાન કુલ ૨૨૫૦ દિવસ સમુદ્ર પર રહીને તેણે એટલી મુસાફરી કરી હતી. જેમાં ૨૭ વખત પૃથ્વીની પ્રદક્ષિણા થઈ જાય.

**(૨) મેક્સીકન ઓપન – ટેનિસ**

- વિજેતા – એસ. ક્વેરી, અમેરિકા
- હરિફ – રફેલ નડાલ, સ્પેન
- મહિલા સિંગલ્સ વિજેતા – લેસિયા સુરેન્કો, યુક્રેઇન
- હરિફ – ક્રિસ્ટ્રિના મ્લેડેનોવિક, ફ્રાંન્સ

**(૩) દુબઇ ઓપન – ટેનિસ :**

- મેન્સ સિંગલ્સ વિજેતા – એન્ડી મરે, બ્રિટન
  હરીફ – ફર્નાડો વર્ડોસ્કો, સ્પેન
- મરેએ પોતાની કારકીર્દિનું ૪૫ મું અને ૨૦૧૭નું પ્રથમ ટાઇટલ જીત્યું હતું.
- વિમેન્સ સિંગલ્સ વિજેતા – ઓલીના સ્વીતોલીના, યુક્રેઇન
  હરીફ – કેરોલીના વોઝનીકી, ડેનમાર્ક

પ્રશ્ન :

૧ ૬ માર્ચ,૨૦૧૭ ના રોજ કયું વિમાન વાહન જહાજ નિવૃત્ત થયું ?
- આઇએનએસ વિરાટ

૨ આઇએનએસ વિરાટ ભારતે કોની પાસેથી ખરીદ્યુ હતું ?
- બ્રિટન

૩ બ્રિટનમાં આઇએનએસ વિરાટનું નામ શું હતું ?
- એચ એમ.એસ હર્મિસ

૪ દુબઇ ઓપન (ટેનિસ) મેન્સ સિંગલસ વિજેતા ?
- એન્ડ મરે

૫ મેક્સિકન ઓપન (ટેનીસ) મેક્સ સિંગલ્સ વિજેતા ?
- સેમ ક્વેરી, અમેરિકા

૬ મેક્સિકન ઓપન (ટેનિસ) વિમેન્સ સિંગલ્સ વિજેતા ?
- લેસિયા, સુરેન્કો, યુક્રેઇન

## 7.March. 2017

**(૧) અટારી બોર્ડર પર દેશનો સૌથી ઉંચો રાષ્ટ્રધ્વજ સ્થાપિત થયો**

- ભારત – પાકિસ્તાનની વાઘા – અટારી સરહદે ભાતરે ૩૬૫ ફૂટની ઉંચાઇએ તિરંગો લહેરાવ્યો.
- પંજાબ સરકારની અમૃતસર સુધાર યોજના હેઠળ વાઘા– અટારી બોર્ડરની નજીક ફલેગ માસ્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- પંજાબ સરકારે ૩.૫૦ કરોડ રૂપિયાના ખર્ચે આ પ્રોજેક્ટ પુરો કર્યો હતો.
- આ રાષ્ટ્રધ્વજ પાકિસ્તાનના લાહોરમાં પણ જોવા મળશે.
- આ સાથે જ આ તિરંગો દેશનો સૌથી ઉંચો રાષ્ટ્રધ્વજ બની ગયો છે.
- અગાઉ રાંચીમાં ૩૦૦ ફૂટની ઉંચાઇએ જે રાષ્ટ્રધ્વજ ફરકતો હતો તે દેશનો સૌથી ઉંચા રાષ્ટ્રધ્વજનું સન્માન મેળવતો હતો.
- આ ત્રિંગાની લંબાઇ ૧૨૦ ફૂટ, પહોળાઇ ૮૦ ફૂટ તથા તેનો વજન ૧૨૫ કિલોગ્રામ છે.
- અટારી બોર્ડર નિરંતર તિરંગો ફરકતો રહે એ માટે ૬ રાષ્ટ્રધ્વજ સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે. દરેક તીરંગા પાછળ ૧.૨૫ લાખના ખર્ચ થશે.

**(૨) અમેરિકામાં મુસ્લિમ દેશોની પ્રવેશબંધીમાંથી ઇરાક બહાર :**

- અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં પ્રવેશબંધીના મુસ્લીમ દેશોની યાદીમાંથી ઇરાકને બાદ કર્યું.

- હવે, ૬ દેશ ઇરાન, લિબીયા, સિરિયા, સોમાલિયા, સુદાન, અને યેમેન ના નાગરિકો પર ૯૦ દિવસનો પ્રતિબંધ લાધ્યો હતો
- આ નિર્ણય આગામી ૧૬ માર્ચથી અમલમાં આવશે.
- નવા આદેશ મુજબ આ છ મુસ્લીમ દેશોના અમેરિકામાં રહેલા વિઝા અને ગ્રીનકાર્ડ ધરાવતા નાગરિકો પર કોઈ અસર કરશે નહીં.

**(૩) મીસ્ટર ઇન્ડિયા નેશનલ ચેમ્પિયન શીપ : ૨૦૧૭**

- તાજેતરમાં હરિયાણાના ગુરૂગ્રામમાં ૧૦ મી મીસ્ટર ઇન્ડિયા નેશનલ ચેમ્પિયનશીપ તથા પાંચમી મીસ ઇન્ડિયા નેશનલ ચેમ્પિયનશીપ યોજાઇ હતી.
- આ ચેમ્પિયનશીપમાં દેશના વિવિધ શહેરના યુવક–યુવતીઓએ ભાગ લઇ પોતાના કસરતી શરીરનું પ્રદર્શન કર્યું હતું.
- પુરૂષ વિજેતા – સુમીત બેનરજી
- મહિલા વિજેતા – સંજાન દાલક

પ્રશ્ન :

૧ તાજેતરમાં દેશનો સૌથી ઉંચો રાષ્ટ્રધ્વજ કયાં સ્થાપિત થયો ?
- અટારી બોર્ડર પર

૨ અટારી બોર્ડર પર સ્થાપિત થયેલ ભારતનો સૌથી ઉંચો રાષ્ટ્ર ધ્વજ કેટલી ઉંચાઇએ લહેરાય છે ?
- ૩૬૫ ફૂટ

૩ અટારી બોર્ડર પર સ્થાપિત થયેલ દેશના સૌથી ઉંચા રાષ્ટ્રધ્વજની લંબાઇ અને પહોળાઇ જણાવો.
- લંબાઇ –૧૨૦ ફૂટ, પહોળાઇ – ૮૦ ફૂટ

૪ તાજેતરમાં અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં પ્રવેશબંધીના મુસ્લીમ દેશોની યાદીમાંથી કયા દેશને બાદ કર્યું ?
- ઇરાક

૫ મીસ્ટર ઇન્ડિયા નેશનલ ચેમ્પિયનશીપ – ૨૦૧૭ કયાં યોજાઇ હતી.
- ગુરૂગ્રામ, હરિયાણા

૬ મીસ્ટર ઇન્ડિયા નેશનલ ચેમ્પિયનશીપ – ૨૦૧૭નો આ વખતનો ક્રમ જણાવો.
- ૧૦ મો

૭ ૧૦ મી મીસ્ટર ઇન્ડિયા નેશનલ ચેમ્પિયનશીપ – ૨૦૧૭ વિજેતા ?
- સુમીત બેનરજી

૮ પાંચમી મીસ ઇન્ડિયા નેશનલ ચેમ્પિયનશીપ–૨૦૧૭ વિજેતા ?
- સંજાન દાલક

## 8.March. 2017

**(૧) આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**

**(૨) ૨૦૧૬–૧૭ માં ભારતનો જીડીપી ૭.૧ રહેશે : ફીચ**

- ઇન્ટરનેશનલ ક્રેડિટ રેટિંગ એજન્સી ફીચના અંદાજ મુજબ – ૨૦૧૬–૧૭ના વર્ષમાં ભારતનો જીડીપી. ૭.૧ રહેશે.
- તથા ૨૦૧૬–૧૮ અને ૨૦૧૮–૧૯માં ૭.૭ ટકા જીડીપી રહેવાના અંદાજ આપ્યો છે.
- ફીચનું હેડક્વાટર ન્યુયોર્ક ખાતે આવેલું છે.

**(૩) ક્રિકેટના નિયમોમાં ફેરફાર :**

- તાજેતરમાં ક્રિકેટના નવા નિયમો બનાવનારી સંસ્થા એમ.સીસી એ ઘણા નિયમોમાં ફેરફાર કર્યા.
- જેમાં બેટની પહોળાઇ ૧૦૮ મીમી, મોટાઇ ૬૭ મીમી અને ખૂણા પર ૪૦ મીમીથી વધારે રાખી શકાશે નહી
- કોઇ બેટ્સમેન રન દોડતી વખતે ક્રિઝની અંદર બેટ રાખી દે અને દોડતા સમયે તેનું બેટ ઉંચુ થઇ જાય અને બેલ્સ પડી જાય તો પણ તેને આઉટ ગણવામાં આવશે.
- આ ઉપરાંત ખેલાડીના વર્તન ઉપર એમ્પાયર પણ ચાર લેવલમાં સજા આપી શકે જે નીચે મુજબ છે.

લેવલ : ૧

વધારે અપીલ અન અમ્પાયરના નિર્ણય સામે અસહમતી દર્શાવતા પહેલા ચેતવણી અને બીજી વખતમાં હરિફ ટીમને પાંચ પેનલ્ટી રન આપવામાં આવશે.

લેવલ : ૨

ખેલાડીઓ તરફ બોલ ફેંકવો અથવા હરીફ ટીમને ઇજા પહોંચાડવી.આ નિયમના ભંગ બદલ હરીફ ટીમને તરત પાંચ પેનલ્ટી રન આપવામાં આવશે.

લેવલ : ૩

અમ્પાયરને કે કોઇ ખેલાડીને હરાવવો, ટીમ અધિકારી કે દર્શકને મારવાની ધમકી આપવી. જેમાં હરીફ ટીમને પાંચ રનની પેનલ્ટી મળશે. અને દોષિત ખેલાડીઓને મેચના ફોર્મેટ પ્રમાણે નક્કી કરેલી ઓવરો માટે મેદાનમાંથી બહાર કરી દેવામાં આવશે.

લેવલ – ૪ :

અમ્પાયરને ધમકાવવો કે મેદાન પર કોઇ હિંસક કામ કરવું. આ ગુના બદલ પાંચ પેનલ્ટી રન અને બાકીની મેચમાંથી દોષિત ખેલાડી બહાર જો આ સમયે ખેલાડી બેટીંગ કરી રહ્યો હોય તો તેને રીટાયર્ડ માનવામાં આવશે.

## 9.March. 2017

**(૧) વર્લ્ડ કિડની ડે :**

**(૨) ઝીલ દેસાઇ : ટેનિસ :**

- ગુજરાતી આંતરરાષ્ટ્રીય ટેનિસ ખેલાડી ઝીલ દેસાઇએ ગ્વાલિયરમાં યોજાયેલી ૧૫ હજાર ડોલરની આઇટીએફ ટુર્નામેન્ટમાં વિમેન્સ સીંગલસનું ટાઇટલ જીતી લીધું.
- ફાઇનલમાં ઝીલ દેસાઇએ ભારતની જ મહેક જૈનને પરાજય આપ્યો હતો.
- ઝીલ દેસાઇનું આ આઇટીએફમાં સૌપ્રથમ વિમેન્સ સિંગલ્સ ટાઇટલ છે.
- તાજેતરમાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં પણ ઝીલ દેસાઈ જુનિયર મહિલા સિંગલ્સમાં ક્વાટર ફાઇનલ સુધી પહોંચી હતી.

**(૨) વડાપ્રધાન : નરેન્દ્ર મોદી : ગુજરાત પ્રવાસ :**

- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવ્યા.
- ૭ માર્ચના રોજ સુરત પહોચ્યા બાદ વડાપ્રધાનશ્રી દ્વારા ગુજરાતના અલગ–અલગ સ્થળોની લીધેલ મુલાકાત તથા અગત્યની જાહેરાતો
- ભરૂચ :

ભરૂચ ખાતે અદ્યતન આઇકોનિક બસ ટર્મિનલનો પ્રધાનમંત્રીના હસ્તે શિલાન્યાસ થયો.

- PPP ધોરણે નિર્માણ થનાર અદ્યતન આઇકોનિક બસ ટર્મિનલ ૯૨.૬૭ કરોડના ખર્ચે થશે.
- ભરૂચ સહિત રાજ્યના ૧૦ જિલ્લા કક્ષાના બસ ટર્મિનલ પીપીપી ધોરણે વિકસાવવા રાજ્ય સરકાર ૯૧૩ કરોડ રૂ. ખર્ચ થશે.

Vivekanand Academy Gandhinagar

– આ ૧૦ બસ ટર્મિનલોમાં ભરૂચ, અમરેલી, ભુજ, જુનાગઢ, રાજકોટ, નડિયાદ, નવસારી, મોડાસા, પાટણ, તથા પાલનપુરનો સમાવેશ થાય છે.
– ભરૂચ કૃષિ યુનિ. મેદાન :
– રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮ ઉપર નર્મદા નદી પર દેશના સૌથી લાંબા એક્સ્ટ્રા ડોઝડ કેબલ બ્રિજનું વડાપ્રધાને લોકાર્પણ કર્યું.
– ૧૩૪૪ મીટર લંબાઇ અને ૨૦.૮ મીટર પહોળાઇના ચાર લેનનો એક્સ્ટ્રા ડોઝડ બ્રિજ ૩૭૯ કરોડ રૂા. માં તૈયાર થયો.
– આ ઉપરાંત વડાપ્રધાનશ્રીએ ભાડભૂત ખાતે નર્મદા નદી પર ચાર હજાર કરોડ રૂપિયાના ખર્ચ વીયર રીવરફ્રન્ટ બાંધવાની જાહેરાત કરી હતી.
– વાયર બન્યા બાદ નાની–નાની સ્ટીમરમાં બેસીને ભાડભૂતથી સરદાર સરોવર ડેમ સુધી પણ જઈ શકાશે.
– તેમજ આગામી સમયમાં ગુજરાતના ૮ સ્ટેટ હાઇવેના ૧૨૦૦ કિ.મી. માર્ગને રૂા. ૧૨૦૦૦ કરોડના ખર્ચ નેશનલ હાઇવેમાં રૂપાંતરીત કરાશે.
– આઠ સ્ટેટ હાઇવે જે નેશનલ હાઈવેમાં રૂપાંતરીત થશે.

૧ ઉના ધારી – બગદરા – અમરેલી –બાવડા – જસદણ – ચોટીલા
૨ નાગેશ્રી – ખાંભા – ચલાલા – અમરેલી
૩ પોરબંદર – ભાણવડ– જામજોધપુર – કાલાવડ
૪ આણંદ – કઠલાલ – કપડવંજ – ધનસુરા – મોડાસા
૫ લખત– ગફુલી – હાજીપુરા – ખાવડા – ધોળાવીરા – સાંતલપુર
૬ ખંભાળીયા – અબડાલા – પોરબંદર
૭ ચીત્રોલા – રાપર – ધોળાવીરા
૮ ખાંભળીયા – ભાવનગર – રાણાવાવ

દહેજ :
– વડાપ્રધાન દ્વારા દહેજમાં દક્ષિણ એશિયાના સૌથી મોટા પેટ્રોકેમિકલ્સ સંકુલ ઓએનજીસી પેટ્રોએડિશન્સ લી. (ઓપલ) રાષ્ટ્રને સમર્પિત કર્યું.
– ઓએનજીસી, જીએસપીસી, જીએઆઇએલના સહયોથી દહેજના સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં અંદાજીત ૫૦૮ એકર જમીન તથા ૩૦૦૦ કરોડ રૂા. ના રોકાણથી ઓપલની શરૂઆત થઇ.
– ઓપલ દ્વારા પ્લાસ્ટિક, પોલિમર્સ, પીવીસી પાઇપ, મેડીકલ પ્લાસ્ટિક સહિતની વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવશે.
– ૧૪ લાખ ટન પોલીમર્સની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા
– ૫ લાખ ટન કેમીકલની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા

સોમનાથ :
– ૧૨ જ્યોતિર્લિંગ પૈકીનું એક સોમનાથ મહાદેવના પૂજન – અર્ચન બાદ વડાપ્રધાનશ્રીએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી :
– વડાપ્રધાને સોમનાથ ખાતે જાહેરાત કરી હતી કે કેન્દ્ર સરકારના સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત ઓખાથી બેટદ્વારકા વચ્ચે રૂા. ૫૦૦ કરોડના ખર્ચથી આઇકોનીક બ્રિજ બનાવાશે.
– ગુજરામાં રૂા. ૪૫ હજાર કરોડના ખર્ચ ૪૦ બંદરોનો વિકાસ કરવામાં આવશે.
– તેમજ કંડલા બંદરે ૧૪૦૦ એકરમાં સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પોર્ટસીટી બનાવાશે.
– તથા માછીમારો ૫૦ ટકા સબસિડીથી આધુનીક બોટ ખરીદી શકશે.

સોમનાથ ટ્રસ્ટની બેઠક :
– વડાપ્રધાનશ્રી સોમનાથ ટ્રસ્ટની ૧૧૬મી બેઠકમાં પણ હાજર રહ્યા હતા.
– આ મિટિંગમાં વર્ષ ૨૦૧૭ માટે અધ્યક્ષ તરીકે વડાપ્રધાને કેશુભાઇ પટેલના નામની દરખાસ્ત કરી હતી.
– એલ. કે. અડવાણીએ ટેકો આપતા સર્વાનુમતે પૂનઃવરણી કરવામાં આવી હતી.
– આ ઉપરાંત ૫૧ શક્તિ પીઠોમાંથી વિલુપ્ત થયેલ પ્રભાસપાટણમાં ચંદ્રભાગા શક્તિપીઠનું પુનઃસ્થાપન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર :
– ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ૬ હજાર મહિલાઓને સંબોધી :
– વડાપ્રધાનશ્રીએ ભારતની ૧૦ મહિલાઓને 'સ્વચ્છ શક્તિ એવોર્ડ' થી સન્માનીત કર્યા હતા.
– તેમજ ગુજરાતની ચાર મહિલાઓનું પણ 'વિક્રમ પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યું હતું
(૧) સ્વતિ પરાડકર – લિજ્જત પાપડ
(૨) માલતીબેન જોઇતારામ ચૌધરી – સામાજિક કાર્યકર
(૩) માના પટેલ – સ્વિમર
(૪) શાઇની ગોમ્સ – ટેબલ ટેનિસ
– સરકારશ્રીએ ૧ માર્ચથી ૮ માર્ચ સુધી 'સ્વચ્છતા શક્તિ સપ્તાહ' ઉજવ્યું હતું.

## 10.March. 2017

**(૧) નારી શક્તિ એવોર્ડ :**
– મુંબઇની મુમતાઝ એમ.કાઝીને રાષ્ટ્રપતિ દ્વારા નારી શક્તિ એવોર્ડથી સન્માનીત કરાયા.
– મુમતાઝ કાઝી એશિયાની પહેલી ડીઝલ એન્જિન ડ્રાઇવર છે.
– તેઓ ત્રણ વર્ષ પહેલા ડીઝલ એન્જિન પાઇટલ બન્યા હતા.
– આ ઉપરાંત અન્ય ક્ષેત્રમાં દેશની પ્રથમ મહિલાઓ
પ્રથમ શિક્ષક – સાવિત્રીબાઇ ફૂલે
પ્રથમ વકીલ – કાર્નોલિયા સોરાબજી
પ્રથમ ડોક્ટર – આનંદીબાઇ
– મહિલા ક્રિકેટ વર્લ્ડકપ બ્રાન્ડ એમ્બેસેડર – સચિન
– આઇસીસીએ આગામી ૨૪ જુનથી શરૂ થઇ રહેલા મહિલા ક્રિકેટ વર્લ્ડકપ માટે માસ્ટર બ્લાસ્ટર સચીન તેંડુલકરને બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા છે.
– ઇંગ્લેન્ડ ખાતે મહિલા ક્રિકેટ વર્લ્ડકપ યોજાશે.
– ભારતીય મહિલા ક્રિકેટ ટીમ કેપ્ટન – મિતાલીરાજ

પ્રશ્ન :
૧ તાજેતરમાં નારી શક્તિ એવોર્ડ કોને એનાયત થયો ?
– મુમતાઝ કાઝી
૨ મુમતાઝ કાઝી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?
– ડીઝલ એન્જિન પાઇટલ (એશિયાના પ્રથમ મહિલા)
૩ દેશના પ્રથમ મહિલા વકીલનું નામ જણાવો.
– કાર્નેલિયા સોરાબજી
૪ દેશના પ્રથમ મહીલા ડોક્ટર ?
– આનંદીબાઇ
૫ આગામી મહિલા ક્રિકેટ વર્લ્ડકપ– ૨૦૧૭ કયાં યોજાશે ?
– ઇંગ્લેન્ડ
૬ મહિલા ક્રિકેટ વર્લ્ડકપ– ૨૦૧૭ના બ્રાન્ડ એમ્બેસેડર કોને બનાવાયા છે ?

– સચીન તેંડુલકર
૭ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન ?
– મિતાલી રાજ

## 11. March. 2017

**(૧) ગુજરાતને મેલેરીયા મુક્ત કરવા ૧૦૪ હેલ્પલાઇન :**
– ગુજરાત સરકાર દ્વારા 'ફીવર હેલ્પલાઇન ૧૦૪' હેલ્પલાઇન સેવા એપ્રિલ ૨૦૧૭ થી શરૂ કરશે.
– ગુજરાતને ૨૦૨૨ સુધીમાં મેલેરીયા મુક્ત કરવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય લેવાયો છે.
– રાજ્ય કક્ષાની આરોગ્યમંત્રી – શંકર ચૌધરી

**(૨) તુસાદ મ્યુઝિયમમાં શ્રેયા ઘોષાલનું પુતળુ મુકાશે ?**
– દેશના પ્રથમ મેડમ તુસાદ મ્યુઝિયમમાં શ્રેયા ઘોષાલ્લનું મીણનું પુતળુ મુકાશે.
– વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિતાભ બચ્ચન સહીત ૫૦ પ્રસિદ્ધ લોકો સાથે શ્રેયાનું પુતળું હશે.
– જૂન મહિનામાં મેડમ તુસાદ મ્યુઝિયમની શાખા દિલ્હીમાં શરૂ થશે.

**(૩) ભારતમાં મળ્યા જગતના સૌથી જુના વનસ્પતિ અવશેષ :**
– મધ્યપ્રદેશના ખડકોમાંથી જગતના સૌથી જુના વનસ્પતિ અવશેષો મળી આવ્યા
– સ્વિડનના સંશોધકોના મુજબ ૧.૬ અબજ જુના આ અવશેષો શેવાળના હોવાથી શક્યતા છે.
– મધ્યપ્રદેશના ચિત્રકુટ જિલ્લાના ખડકોનો અભ્યાસ કરતા આ અવશેષ મળી આવ્યા હતા.

પ્રશ્નો :
૧ ગુજરાતને મેલેરિયા મુક્ત કયાં હેલ્પલાઇન નં શરૂ કરવામાં આવશે.
– ૧૦૪
૨ કયાં વર્ષ સુધીમાં ગુજરાતને મેલેરીયા મુક્ત કરવાનો ગુજરાત સરકારનો લક્ષ્યાંક છે ?
– ૨૦૨૨
૩ તાજેતરમાં કઇ ગાયીકાનું પુતળુ તુષાદ મ્યુઝિયમમાં મુકવાની જાહેરાત થઇ ?
– શ્રેયા ઘોષાલ
૪ તુષાદ મ્યુઝિયમની ભારતમાં કઇ જગ્યાએ શાખા શરૂ કરવામાં આવશે ?
– દિલ્હી
૫ તાજેતરમાં જગતના સૌથી જૂના વનસ્પતિના અવશેષો કયાં મળી આવ્યા ?
– ચિત્રકુટ જિલ્લાના ખડકોના, મધ્યપ્રદેશ

## 12. March. 2017

**(૧) સુપરસોનિક ક્રુઝ મિસાઇલ બ્રહ્મોસનું સફળ પરિક્ષણ :**
– તાજેતરમાં ભારતે ઓડિશાના કિનારે બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઇલનું સફર પરિક્ષણ કર્યું.
– આ મિસાઇલ ૩૦૦ કિ.ગ્રા. હથિયાર લઇ જવા સક્ષમ છે.
– ભારતને મિસાઈલ ટેકનોલોજી કંટ્રોલ રિજિમ (એમટીસીઆર) માં સ્થાન મળતા આ મિસાઇલની મારક્ષમતા ૨૯૦ કિ.મી.થી. વધીને ૪૫૦ કિ.મી. કરવામાં આવી છે.

**(૨) ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક :**
– પોસ્ટલ વિભાગ હવે 'ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક'
– પાયલોટ પ્રોજેક્ટ તરીકે રાંચી અને રાયપુર ખાતે પોસ્ટ પેમેન્ટ બેંક શરૂ કરવામાં આવી હતી.
– ગુજરાતમાં અમદાવાદ અને ભરૂચ હેડ પોસ્ટ ઓફિસમાં પણ આગામી સમયમાં બેંક શરૂ કરવામાં આવી હતી.
– ગુજરાતમાં અમદાવાદ અને ભરૂચ હેડ પોસ્ટ ઓફિસમાં પણ આગામી સમયમાં બેંક શરૂ કરવામાં આવશે.
– પોસ્ટલ બેંકની સંપૂર્ણ સુવિધા ગ્રાહોકના આધારકાર્ડ સાથે જોડવામાં આવશે.
– આ બેંકમાં નેટ બેંકિંગ, એસએમએસ બેકિંગ, પેમેન્ટ બેન્ક, તથા સરકારી યોજનાઓની ચૂકવણી પણ આ પોસ્ટ પેમેન્ટ બેંક દ્વારા કરવામાં આવશે.
– આ બેંકની મદદથી ગ્રાહકો વિજળી, પાણી, ટેલિફોન, વીમા કંપનીનું પ્રીમિયમ, કાર બાઇક કે અન્ય વસ્તુઓના હપ્તા વગેરેની ચૂકવણી કરી શકશે.

**(૩) ભારતની બ્લાઇન્ડ વિશ્વકપ વિજેતા ક્રિકેટ ટીમને બીસીસીઆઇનું ૧ કરોડનું ઇનામ :**
– બીસીસીઆઇ ભારતીય બ્લાઇન્ડ ક્રિકેટ ટીમને રૂા. ૧ કરોડનું ઇનામ આપશે.
– ગત મહિને ભારતીય બ્લાઇન્ડ ક્રિકેટ ટીમે પાકિસ્તાનને હરાવી વિશ્વકપ જીત્યો હતો.

**(૪) પાંચ રાજ્યના વિધાનસભા ચૂંટણીના પરિણામ :**
– તાજેતરમાં પાંચ યોજાયેલ પાંચ રાજ્યની વિધાનસભાની ચૂંટણીના પરિણામ ૧૧ માર્ચના રોજ જાહેર થયા.
(૧) ઉત્તર પ્રદેશ – કુલ બેઠક – ૪૦૩
– ભાજપે સૌથી વધુ ૩૨૫ બેઠક મળી
(૨) પંજાબ – કુલ બેઠકો – ૧૧૭
– કોંગ્રેસ સૌથી વધુ ૭૭ બેઠક મેળવી
(૩) ઉત્તરાખંડ – કુલ બેઠક – ૭૦
– ભાજપે સૌથી વધુ ૫૭ બેઠક મેળવી
(૪) મણિપુર – કુલ બેઠક – ૬૦
– કોંગ્રેસ – ૨૮, ભાજપ – ૨૧
(૫) ગોવા – કુલ બેઠક – ૪૦
– કોંગ્રેસ – ૧૭, ભાજપ – ૧૩

પ્રશ્નો :
૧ બ્રહ્મોસ મિસાઇલ કેટલા કિ.ગ્રા. હથિયાર સાથે લઇ જવા સક્ષમ છે ?
– ૩૦૦ કિ.ગ્રા.
૨ બ્રહ્મોસ મિસાઇલની મારક ક્ષમતા હાલમાં કેટલી છે ?
– ૪૫૦
૩ પોસ્ટ વિભાગો પાયલોટ પ્રોજેક્ટ તરીકે 'ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક' કયાં શરૂ કરી હતી ?
– રાંચી અને રાયપુર
૪ આગામી સમયમાં ગુરજાતમાં કયાં સ્થળે પોસ્ટ પેમેન્ટ બેંક શરૂ કરવામાં આવશે ?
– અમદાવાદ અને ભરૂચ હેડ ઓફીસ
૫ બ્લાઇન્ડ ક્રિકેટ વર્લ્ડકપ વિજેતા ભાતરીય ટીમને બીસીસીઆઇ કેટલું ઇનામ આપશે ?
– ૧ કરોડ
૬ તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં કેટલી સીટ માટે ચૂંટણી યોજાઈ હતી ?
– ૪૦૩
૭ તાજેતરમાં ઉત્તરાખંડ અને મણિપુરમાં કેટલી બેઠકો માટે ચૂંટણી યોજાઇ હતી ?
– ૭૦ અને ૬૦

## 13. March. 2017

**(૧) રાજયનું પ્રથમ નેચર સફારી પાર્ક :**
- આગામી સમયમાં રાજયનું પ્રથમ નેચર સફારી ડીયર પાર્ક વડોદરા ખાતે બનશે.
- વડોદરાથી ૨૨ કિ.મી. દુર આજવા સરોવર પાસે ૭૦ એકર જગ્યામાં આ નેચર સફારી પાર્ક બનશે.
- કુદરતી સૌંદર્ય ધરાવતી આ ૭૦ એકર જગ્યામાં ભારતીય મૂળના હરણની પાંચથી છ પ્રજાતિના ૩૫ હરણ લાવવામાં આવશે.
- આ ઉપરાંત સહેલાણીઓ માટે પીપીપી મોડેલથી ફુડ કોર્ટ સહિતની સુવિધા પણ ઉભી કરવામાં આવશે.

**(૨) યુગાન્ડાના વડાપ્રધાન પ્રવાસે :**
- પૂર્વ આફ્રિકાના યુગાન્ડા દેશના વડાપ્રધાન રૂહાકાના રૂગુંડા હાલમાં ભારતના ત્રણ દિવસમાં પ્રવાસે આવ્યા છે.
- તેઓએ પાલનપુર ખાતે બનાસ ડેરીની મુલાકાત લીધી હતી.
- આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની બેઠકમાં તેમણે ભારતમાં એગ્રોપ્રોસેસીંગમાં ૧૦૦ મીલીયન ડોલરનું રોકાણ કરવાની ઇચ્છા દર્શાવી હતી.

**(૩) એસએસપી ચૌરસીયા – ગોલ્ફર**
- ભારતીય ગોલ્ફર એસએસપી ચૌરસિયાએ હીરો ઇન્ડિયન ઓપનનો ખીતાબ પોતાના નામે કર્યો.
- હીરો ઇન્ડિયન ઓપનમાં સતત ત્રીજા વર્ષ કોઇ ભારતીય ગોલ્ફર વિજેતા બન્યો છે.
